જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૬/૦૧/૨૦૧૯ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૧૫૭ લીટર દેશી દારૂ, ૭૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૪ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૯/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૪૦/૧૯

**ઘાટલોડીયા**: કેતનભાઇ જગદીશભાઇ શાહ (ઉ.વ.૩૮)(રહે.સુરમ્ય એપાર્ટમેન્ટ ગેટ-૨ જયમંગલ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે નારણપુરા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૧/૨૦૧૯ રાતના ૧૧/૦૦ થી તા.૦૫/૦૧/૨૦૧૯ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર ના મુખ્ય દરવાજાની જાળીનુ તાળું તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમના કબાટ તેમજ લોખંડની તિજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૮૨,૫૦૦/- તથા ચાંદીની ચીજ વસ્તુઓ કિંમત રૂપિયા ૩૦,૧૫૦/- તથા રોકડ રૂપિયા ૧૫,૦૦૦/-મળી કુલ રૂપિયા ૧,૨૭,૬૫૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એન.પરમાર ચલાવે છે.

**શહેરકોટડા** : સુનિતાબેન ક્રિષ્ણાભાઇ કેવટ (ઉ.વ.૪૨)(રહે.શિવશક્તિનગર ઔડાના મકાન સફલ-૪ બિઝનેસ પાર્કની બાજુમા અમદુપુરા) એ તા.૫/૧/૨૦૧૯ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૨/૧૮ રાતના ૧૦/૦૦ થી તા.૦૫/૦૧/૧૯ સવારના કલાક ૧૧/૦૦ સુધી ના સમયગાળા દરમ્યાન પોતાના ઘર ના દરવાજાની સ્ટોપર કાપી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ચાવડા ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ** : શૈલેશભાઇ શાલીગ્રામ ભુસારી (રહે.માલાબાર કાઉન્ટ્રી-૧ નીરમા યુનીવર્સીટીની બાજુમાં) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૧/૧૯ ના કલાક ૧૨/૦૦ થી રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરના રસોડાના દરવાજે થી કોઇ અજાણી વ્યક્તિ પોતાના ઘરમાં પ્રવેશ કરી, બેડરૂમના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને મોબાઇલ મળી કુલ રૂપિયા ૯૩,૧૫૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.ડી.પટેલ ચલાવે છે.

**ધાબા ઉપરથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૪૧/૧૯**

**નરોડા** : ભરત સ/ઓ રમેશભાઇ પ્રજાપતિ (ઉ.વ.૧૩)(રહે.નરોડા પ્રાઇડ પદ્માવતી સોસાયટીની બાજુમા નરોડા) તા.૦૫/૦૧/૨૦૧૯ બપોરના ૪/૦૦ થી ૫/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ધાબા ઉપર પતંગ ચગાવતી વખતે અચાનક નીચે પડી જતા, શરીરે ગંભીર ઇજા થતા સારવાર અર્થે સેલ્બી હોસ્પિટલ ખાતે દાખલ કરેલ હતો. જેને સારવાર દરમ્યાન રાતના ૦૮/૦૫ વાગે ફરજ પરના ડો.શ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેંદ્રસિંહ માધુસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૨/૧૯**

**સરદારનગર** : રમેશભાઇ તુલસીભાઇ બારોટ (ઉ.વ.૩૮)(રહે. પોપટભાઇના મકાનમા અંબિકાનગર નોબલનગર સરદારનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૫/૦૧/૨૦૧૯ ના કલાક ૦૦/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જયેન્દ્રકુમાર ચંન્દ્રકાંતભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.